**EDI**

**Navgujarat Samay**

**March 18, 2016**
**Page No. 4**

# હસ્તકળાના કારીગરો માટે EDI ખાતે વર્કશોપ યોજાઈ



**નવગુજરાત સમય** > અમદાવાદ

પાટણના પટોળા અને કચ્છી ભરતકામ માટે વિશ્વભરમાં જાણીતું ગુજરાત દેશમાં હસ્તકળા અને કસબમાં અગ્રતા ક્રમે છે. આથી પર્યટન મારફતે કળા અને ઉદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે રહેલી તકને પારખીને આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા તેમજ ટૂરિઝમ કોર્પોરેશન ઑફ ગુજરાત (TCGL) દ્વારા સંયુક્ત રીતે કૌશલ્ય અને ઉદ્યમિતા વિકાસ કાર્યક્રમનું આયોજન કરાયુ હતું, જેમાં રાજ્યભરમાંથી 101 કારીગર-કસબીઓએ ભાગ લીધો હતો. કારીગર-કસબીઓની સાથે 60 ટૂર ઓપરેટર્સની બીજી બેચને પણ ટ્રેઈનિંગ બાદ સર્ટિફિકેટ અપાયા હતા.

આ ટ્રેનિંગ પ્રોગ્રામ દસ દિવસ ચાલ્યો હતો, જે દરમિયાન પાર્ટિસિપન્ટ્સે પરંપરાગત ગુજરાતી હસ્તકામને આધુનિક સમયમાં કેવી રીતે પ્રમોટ કરવું તે અંગે તાલીમ મેળવી હતી. આ ઉપરાંત વ્યવસાય વિકસાવવા માટે કળા ઉદ્યોગ ક્ષેત્રે કમ્યુનિકેશન કેવી રીતે કરવું અને હિસાબી ચોપડા કેવી રીતે જાળવવા તેની પણ તાલીમ આપવામાં આવી હતી.

**કળા ઉદ્યોગને આધુનિક સમયમાં પ્રમોટ કરવાની તાલીમ અપાઈ**

આ પ્રસંગે ઈડીઆઈના ડિરેક્ટટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, “ટૂરિઝમ ક્ષેત્રે ગુજરાત ઝડપથી વિકસી રહ્યું છે. બિહારની મધુબની અને ઉત્તર પ્રદેશની ટેરાકોટાની માફક જ ગુજરાતના કળા અને ઉદ્યોગમાં પણ પર્યટકોને આકર્ષવાની ક્ષમતા રહેલી છે. બિઝનેસનો પ્રસાર કરવા કારીગરોએ તેમની પ્રોડક્ટ્સનું મૂલ્યવર્ધન તથા ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરતા શીખવું જોઈએ.”

S AS | BD